**સર તખ્તસિંહજી જનરલ હોસ્પિટલ**

**ભાવનગર-૩૬૪૦૦૧ ( ગુજરાત )**

**ફોન નં. (૦૨૭૮) ૨૪૨૩૨૫૦, ૨૫૧૯૫૧૧**

**ફેક્સ નં. (૦૨૭૮) ૨૪૩૨૮૮૩**

**Web Site - www.sirthospital.org**


# હેલ્થ પરમીટ માટેની S.O.P

સર ટી. જનરલ હોસ્પિટલ, ભાવનગર ખાતે હેલ્થ પરમીટ લેવા માટે આવતા અરજદારોએ નીચે પ્રમાણેની પ્રક્રિયા માંથી પસાર થવાનું રહેશે :

- એરીયા મેડીકલ બોર્ડ દર મંગળવાર અને ગુરૂવારના રોજ (જાહેર રજાના દિવસો સિવાય) સાંજે ૪:૦૦ થી ૫:૦૦ની વચ્ચે તબીબી અધિક્ષકશ્રીની ચેમ્બરમાં મળશે.
- હેલ્થ પરમીટ અંગેની મેડીકલ તપાસનું સંકલન હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટર તરીકે ડૉ. કે.બી.દવે, મેડીકલ ઓફીસર, સર ટી.જનરલ હોસ્પિટલ, ભાવનગરએ કરવાનું રહેશે. અરજદારની સંપૂર્ણ તપાસ પુર્ણ થયા બાદ આ અંગેના તમામ સાધનીક કાગળો હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટરે એરીયા મેડીકલ બોર્ડ સમક્ષ રજુ કરવાના રહેશે.
- અરજદારે સર ટી.જનરલ હોસ્પિટલ, ભાવનગર ખાતે આવીને કેસ બારીએથી તેમના નામનો કેસ કઢાવી સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ના સમયગાળામાં રેકર્ડ વિભાગ ખાતે હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટરનો સંપર્ક કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
- અરજદારે પોતાનું કોઈપણ એક ઓળખપત્ર અસલમાં તથા તેની એક નકલ તથા પાસપોર્ટ સાઇઝના તાજેતરના ૨ ફોટા સાથે લાવવાના રહેશે.
- અરજદારના ઉંચાઇ, વજન, ઓળખચિહ્ન, જન્મ તારીખ, મોબાઇલ નંબર, અને વ્યવસાયની નોંધ કેસ પેપરમાં કરવામાં આવશે.
- ત્યારબાદ રૂમ નં.-૫૮માં જઇ અરજદારે કાર્ડીયોગ્રામની તપાસ કરાવવાની રહેશે. (ઓપીડી સમય દરમ્યાન)
- અરજદારે નીચે મુજબના લોહી અને પેશાબના ટેસ્ટ અત્રેની હોસ્પિટલ ખાતે (ઓપીડી સમય દરમ્યાન) અથવા NABL માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં કરાવવાના રહેશે. અરજદારને અત્રેની હોસ્પિટલ ખાતે નીચે મુજબના ટેસ્ટ કરાવવા હોય પરંતુ જો કોઇ ટેસ્ટ અત્રેની હોસ્પિટલ ખાતે જે તે સમયે થતા ન હોય તો તે બાકી રહેલ ટેસ્ટ NABL માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં કરાવવાનો રહેશે :

| | |
|---|---|
| (1) Urine R/M | (2) HB, TC,DC |
| (3) FBS | (4) S.Creatinine |
| (5) Lipid Profile | (6) SGOT |
| (7) SGPT | (8) S.GGT |

- અરજદારે પેટની સોનોગ્રાફીની તપાસ અત્રેની હોસ્પિટલ ખાતે અથવા લાયકાત ધરાવતા રેડીયોલોજીસ્ટ પાસે કરાવવાની રહેશે.
- અરજદારે ૧ (એક) માસ અગાઉ કરાવેલ ઉપરોકત મુજબના કોઇ રીપોર્ટસ માન્ય ગણાશે નહી.
- અરજદારે ઉપરોક્ત જણાવેલ તમામ તપાસ પુર્ણ થયા બાદ તમામ રીપોર્ટસ મેડીકલ રેકર્ડ વિભાગમાં હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટર પાસે જમા કરાવવાના રહેશે.
- અરજદારે રૂ.૧૬ (સોળ) સરકારી ફી પેટે નાગરીક સુવીધા કેન્દ્ર ખાતે ભરવાના રહેશે અને તે પહોંચની નકલ મેડીકલ રેકર્ડ વિભાગમાં હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટર પાસે જમા કરાવવાની રહેશે.
- અરજદારને એરીયા મેડીકલ બોર્ડમાં હાજર રહેવા અંગેની તારીખ ફાળવવામાં આવશે અને તે વખતે અરજદારે પોતાના અસલ ઓળખપત્ર સાથે રૂબરૂમાં હાજર રહેવાનુ રહેશે. ત્યાં અરજદારની મેડીસીન વિભાગને લગતી તથા માનસિક વિભાગને લગતી તપાસ કરવામાં આવશે.
- અરજદારે યુઝર ચાર્જ તરીકે રોગી કલ્યાણ સમીતીમાં પ્રતી યુનિટ / પ્રતી વર્ષ રૂ.૨૦૦૦ (બે હજાર) ચેક અથવા પી.ઓ.એસ. દ્વારા ભરવાના રહેશે. જે પહોંચની નકલ મેડીકલ રેકર્ડ વિભાગમાં હેલ્થ પરમીટ કો-ઓર્ડીનેટર પાસે જમા કરાવવાની રહેશે.
- ઉપરોક્ત તમામ પ્રક્રિયા પુર્ણ થયા બાદ, અત્રેની કચેરી ખાતેથી અરજદારની અરજી તથા સાધનીક કાગળો આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવશે.

**તબીબી અધિક્ષક**
**સર ટી. જનરલ હોસ્પિટલ**
**ભાવનગર**

Scanned by CamScanner